


### રાજીવ ગાંધી ભવનમાં મળેલી બેઠક

# ઘરના મામલાને સાથે મળી ઉકેલીશું : કોંગ્રેસ

## અમીન-રાવલ સિવાયના નારાજ નેતાઓને મનાવી લેવાયા : કામમાં લાગી જવા અપીલ

અમદાવાદ, તા. ૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ટાણે જ કોંગ્રેસના દિગ્ગજ ગણાતા અગ્રણી નરહરિ અમીન ટિકિટ નહીં મળવાના કારણે નારાજ બન્યા હતા. અને ગઈકાલે રાજ્યભરના અસંતુષ્ઠ આગેવાનોનું સંમેલન બોલાવીને કોંગ્રેસના ઉમેદવારોને હરાવવાનો નિર્ધાર કર્યા બાદ એઆઈસીસીના મહામંત્રી હરિપ્રસાદ સહિત નેતાઓએ નારાજ બનેલા જૂથને મનાવવાના પ્રયાસો શરૂ કર્યા છે. અને કોંગ્રેસના અગ્રણીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નરહરિભાઈ અમીન માની જશે અને સન્માન સાથે કોંગ્રેસનું કાર્ય કરશે. પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે આજે નારાજ બનેલા અગ્રણીઓની બેઠક બી. કે. હરિપ્રસાદના નેતૃત્વમાં મળી હતી.

જેમાં શહેર કોંગ્રેસ પ્રમુખ પંકજ શાહ, મ્યુનિ. વિપક્ષના નેતા બદરૂદ્દીન શેખ, પૂર્વ મેયર હિંમતસિંહ પટેલ, સુરેન્દ્ર બક્ષી, હસનલાલા, નાસનીન બાસ્તાવાલા સહિત આગેવાનો તેમજ કાર્યકરો હાજર રહ્યા હતા. જેમાં પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ કોઈનાથી જે કંઈ ભૂલ થઈ હોય તેને ભૂલી જઈને કોંગ્રેસને વિજયી બનાવવા કામે લાગી જવાની અપીલ કરી હતી. કોંગ્રેસના ઘરનો મામલો છે સાથે બેસીને મતભેદો ઉકેલવાની ખાતરી આપી હતી. શહેર પ્રમુખ પંકજ શાહે કોંગ્રેસને જીતાડવા કામે લાગી જવાની અપીલ કરી હતી. જો કે આજની બેઠકમાં કોંગ્રેસના અગ્રણીઓ નરહરિ અમીન અને નરેશ રાવલ ઉપસ્થિત રહ્યા ન હતા. હજુ પણ તેમની નારાજગી યથાવત છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અગ્રણીઓએ સમજાવવાના પ્રયાસો ચાલુ રાખ્યા છે.

### ભાજપે ખેડૂતો માટે સ્ટેમ્પ ડ્યુટીમાં રાહતોની વાત

## સંકલ્પ પત્રમાં વચનો શું છે

- રાજ્યમાં વધુ ૧૬ લાખ હેક્ટર જમીન સિંચાઈની સુવિધા હેઠળ આવરી લેવાશે
- ખેડૂતોને સર્વે નંબરની સ્વૈચ્છિક અદલા-બદલી કરે તો સ્ટેમ્પ ડ્યુટીમાં રાહત
- જિલ્લે જિલ્લે કોલ્ડ સ્ટોરેજ અને એગ્રો પ્રોસેસિંગ યુનિટની સુવિધા
- અંબાજીથી ઉમરગામ સુધીના સિંચાઈ વંચિત આદિવાસી વિસ્તારમાં રૂા. ૪૧૨૫ કરોડની સિંચાઈ યોજના
- રૂા. ૧૦હજાર કરોડના ખર્ચે આગામી ત્રણ વર્ષમાં સૌરાષ્ટ્રના બધા જ ડેમો અને જળાશયો નર્મદાના પાણીથી ભરી દેવાશે.
- ગુજરાતમાં હાલનું વીજ ઉત્પાદન પાંચ વર્ષમાં વધારી બમણું કરાશે.
- 'મારા વિસ્તારમાં મારૂ મકાન' હેઠળ રૂા. ૩૩ હજાર કરોડની રકમ પાંચ વર્ષમાં ખર્ચાશે
- ઉચ્ચ શિક્ષણ લેનાર ૪૦ હજાર વિદ્યાર્થીઓ રહી શકે તે માટેના છાત્રાલયો શહેરી વિસ્તારોમાં બંધાશે
- ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન રચાશે
- અઢી કરોડ યુવાનોનો સ્કીલ્ડ વર્કફોર્સ તૈયાર કરાશે.
- યુવાનોને સ્વરોજગાર માટેના બેન્ક ધિરાણ માટે રાજ્ય સરકાર ગેરેન્ટર બનશે
- ૩૦ લાખ મહિલાઓને મિશન મંગલમ પ્રોજેક્ટ હેઠળ આવરી લેવાશે
- વધુ તાલુકાઓમાં નારી અદાલતો શરૂ કરાશે
- સરકારી નોકરીઓમાં યુવાનો માટેની હાલની વય મર્યાદા ૨૫ વર્ષ છે તે વધારી ૨૮ વર્ષ અને જ્યાં ૨૮ વર્ષ છે તે વધારી ૩૦ વર્ષ કરાશે. અનુજાતિ, જનજાતિ, મહિલાઓ તથા બક્ષીપંચ માટેની વયમર્યાદામાં અપાયેલી છૂટછાટ સુધારેલી વયમર્યાદામાં ચાલુ રહેશે.
- રાજ્યના તમામ નાગરિકો માટે અકસ્માત વીમો
- નવોદિત નિમ્ન મધ્યમવર્ગની પરિભાષા નક્કી કરાશે અને કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકાશે.
- મુખ્યમંત્રીની અમૃતમ્ (મા) યોજનાનો વ્યાપ વિસ્તારીને નિમ્ન મધ્યમવર્ગને આવરી લેવાશે. નવોદિત નિમ્ન મધ્યમવર્ગને પણ ગંભીર બિમારીમાં સારવાર માટે બે લાખ સહાયની યોજના

### નવી સ્કીમમાં ૩૩૦૦૦ કરોડ ખર્ચાશે

## ઘરનું ઘરની વિરુદ્ધ હવે મારા વિસ્તારમાં મારું મકાન સ્કીમ

### કોંગ્રેસના લોકપ્રિય પગલા સામે ભાજપની પણ લોકપ્રિય સ્કીમ : ગ્રામિણમાં ૨૮ લાખ, શહેરમાં ૨૨ લાખ મકાન

અમદાવાદ, તા. ૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ભાગરૂપે કોંગ્રેસે ઘરનું ઘર યોજના મૂકી હતી જેનાથી હચમચી ઉઠેલા ભાજપે પણ આજે કાઉન્ટર પોપ્યુલર પગલાની જાહેરાત કરી હતી. ભાજપે 'મારા વિસ્તારમાં મારુ મકાન' યોજનાની સંકલ્પપત્રમાં જાહેરાત કરી હતી. 'મારા વિસ્તારમાં મારૂ મકાન' હેઠળ રૂા. ૩૩ હજાર કરોડની રકમ ખર્ચ કરવામાં આવશે. સંકલ્પ પત્રમાં જણાવાયું છે કે કોંગ્રેસ પક્ષે છેલ્લા ૪૦ વર્ષમાં માત્ર ૧૦ લાખ મકાનો બાંધ્યા છે. આ મકાનો પણ એટલી હલકી ગુણવત્તાવાળા હતા કે મોટાભાગના મકાનો અમારે ફરી બાંધવા પડ્યા છે. મુખ્યમંત્રીની ગૃહસમૃદ્ધિ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં ગ્રામીણ વિસ્તારમાં ૨૮ લાખ અને શહેરી વિસ્તારમાં ૨૨ લાખ મકાનો મળી કુલ ૫૦ લાખ પાકા સુવિધાવાળા મકાનો બાંધીને ફાળવવામાં આવશે.

રૂપિયા ૩૩ હજાર કરોડની આ ગૃહસમૃદ્ધિ યોજનાના અમલીકરણ માટે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને અલગ વિભાગ કાર્યરત થશે. કોંગ્રેસે ઓગસ્ટ મહિનામાં ઘરનું ઘર સ્કીમ મૂકીને ભાજપને મુશ્કેલીમાં મુકી દીધી હતી. અખબારોમાં કોંગ્રેસની આ સ્કીમને જોરદાર પ્રકાશિત કરવામાં આવી હતી.

કોંગ્રેસે ઘરનું ઘર હેઠળ શહેરી ગરીબોને ૨૭ લાખ મકાનોનું વચન આપ્યુ હતુ. ભાજપના કાર્યકરોએ આની નોંધ લીધી હતી. ભાજપના કાર્યકરોએ પણ ફોર્મ મેળવવા માટે લાઈન લગાવી હતી. એક લાખથી ત્રણ લાખ વચ્ચેના મકાન ગ્રામિણ વિસ્તારોમાં ઘર વગરના પરિવારોને આપવાનું પણ વચન આપાયુ છે.

## મુખ્યપ્રધાન મોદી આજે ચાર જાહેરસભાને સંબોધન કરશે

### થ્રી ડી ટેકનોલોજીના માધ્યમથી પણ આજે સાંજે છ વાગે એક સાથે બાવન જાહેરસભાઓ : ઝંઝાવતી પ્રચાર જારી

અમદાવાદ, તા. ૩

ગુજરાતમાં ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ભાજપાના ઉમેદવારોના ચૂંટણી પ્રચારાર્થે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૪ ડિસેમ્બરના રોજ જુદા જુદા ચાર સ્થાનો પર જાહેરસભા સંબોધશે. અને ભાજપાના ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવા પ્રજાજનોને અપીલ કરશે.

નરેન્દ્ર મોદીના ૪ ડિસેમ્બરના પ્રવાસ કાર્યક્રમની વિગતો આપતા ભાજપાના પ્રદેશ મીડીયા ઈન્ચાર્જ ડો. જગદીશ ભાવસારે જણાવ્યું હતુ કે, નરેન્દ્ર મોદી સવારે ૯.૦૦ કલાકે વાંકા ક્રોસ રોડ, ચીખોડા નીઝરથી જાહેરસભા સંબોધી પોતાના ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરશે. મુખ્યમંત્રી મોદી નીઝરથી ૧૦.૩૦ કલાકે માંડવી (દક્ષિણ ગુજરાત), ૧૧.૪૫ કલાકે ચીખલી ખાતે જાહેરસભાને સંબોધશે. મુખ્યમંત્રી સાંજે ૭.૦૦ કલાકે સાણંદ વિધાનસભામાં એ. પી. એમ. સી. સાણંદ, અમદાવાદ ખાતે જાહેરસભાઓને સંબોધશે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી થ્રી ડી ની આધુનિક ટેકનોલોજીના માધ્યમથી એક સાથે ૫૨ (બાવન) વિધાનસભા ક્ષેત્રોમાં જનતા જનાર્દનને ૪ ડિસેમ્બરના રોજ સાંજે ૬.૦૦ કલાકે સંબોધન કરશે. થ્રીડી ટેકનોલોજીના માધ્યમથી આ અગાઉ ૩૦ સ્થાનો પર જાહેરસભાઓને તેઓશ્રીએ સંબોધન કર્યું છે.

### બાવળામાં પ્રચાર રાઉન્ડ યોજ્યો

## સાણંદ મતક્ષેત્રમાં પરેશ રાવલે સૂત્રો ગુંજતા કર્યા

અમદાવાદ, તા. ૩

સાણંદ વિધાનસભાના ઉમેદવાર કમાભાઈ રાઠોડના પ્રચારાર્થે આવેલા બોલીવુડના ખ્યાતનામ ગુજરાતી કલાકાર પરેશ રાવલે બાવળા ખાતે આજે પ્રચાર રાઉન્ડ યોજ્યો હતો. મુખ્ય માર્ગ પર તેમને જોવા જનતા ઉમટી પડી હતી. બાવળામાં ઠેર ઠેર તેઓનું સ્વાગત થયું હતું. બાવળામાં ઉપસ્થિત જનતા જનાર્દનને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, સાણંદનું નામ આખા દેશમાં બે વ્યક્તિઓથી ગાજતું થયું છે. રતન તાતા અને નરેન્દ્ર મોદી. તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે, કેન્દ્રની સરકાર કૌભાંડો પર કૌભાંડો કરીને દેશને ખોખલો બનાવી દીધો છે. હવે તેની નજર સમૃદ્ધ ગુજરાત પર પડી છે. આવા સમૃદ્ધ ગુજરાતનો વહીવટ ભ્રષ્ટ કોંગ્રેસને ન સોંપાય. સમગ્ર દેશમાં સૌથી વધુ સલામતી ગુજરાતમાં છે. કારણ કે અહીં મરદ, મુછાળો ભાઈડો બેઠો છે. ઉપસ્થિત જનમેદનીને અપીલ કરતા એમ પણ કહ્યું હતું કે, મોદી સીએમ. નહીં બને તો ગુજરાત ગુજરાત નહીં રહે. નરેન્દ્ર મોદીને પીએમ બનાવવાના છે. ગુજરાતમાં કોંગ્રેસને ઉખેડીને ફેંકી દો. આવનારા દિવસોમાં દેશમાંથી પણ કોંગ્રેસ ફેંકાઈ જશે. કોંગ્રેસ ખોટા વાયદાઓ આપે છે. અહીં તેમને લોકોને સૂત્રો દોહરાવ્યા હતા. 'બીજા ખોદશે ઘોર નરેન્દ્ર મોદી વન્સ મોર, દિલ માંગે મોર ન.મો. વન્સ મોર' ખુલ્લી જીપમાં રાઉન્ડને યોજીને લોકોનું અભિવાદન ઝીલ્યું હતું.

## પરષોત્તમ રૂપાલા તેમજ પરેશ રાવલની આજે સભા

અમદાવાદ, તા. ૩

ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરસોત્તમ રૂપાલા આવતીકાલે ૪ થી ડિસેમ્બરના રોજ સવારે ૧૦.૧૫ કલાકે અબડાસા વિધાનસભા મતક્ષેત્રમાં ૧.૪૫ કલાકે ભુજ વિધાનસભા ક્ષેત્રમાં, ૪.૦૦ કલાકે માંડવી વિધાનસભા ક્ષેત્રમાં બીડાડા ખાતે, સાંજે ૫.૦૦ કલાકે, માંડવીમાં અને રાત્રે ૭.૧૫ કલાકે ભુજમાં જાહેરસભાને સંબોધન કરશે અને કચ્છમાં કમળક્રાંતિ કરવા કચ્છવાસીઓને આહવાન કરશે જ્યારે ફિલ્મ કલાકાર પરેશ રાવલ સૌરાષ્ટ્રમાં જુદા જુદા પાંચ સ્થાનો પર ચૂંટણી પ્રચારાર્થે જશે અને પાંચ જાહેરસભાઓને સંબોધન કરશે. પરેશ રાવલ સવારે ૧.૦૦ કલાકે પોરબંદર, ૧૧.૩૦ કલાકે મોરબી, ૧.૦૦ કલાકે ધારી, ૨.૧૫ કલાકે સાવરકુંડલા અને ૪.૧૫ કલાકે મોરબીમાં જાહેરસભા સંબોધશે.

## ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈ રોકડ, દારૂ, ભેટ કે વિના મૂલ્યે ભોજન આપવું તે લાંચ છે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી તા. ૧૭/૧૨/૨૦૧૨ ના રોજ યોજાનાર છે.ચુંટણી -ક્રિયા દરમ્યાન કોઈ રોકડ, દારુ, ભેટ કે વિના મૂલ્યે ભોજન આપવું તે લાંચ છે. આવી લાંચ આપનાર તેમજ લેનાર બન્નેને એક વર્ષની જેલ અને દંડની સજા થઈ શકે છે. આવી -વૃતિ અટકાવવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ટોલ ફ્રી નંબર-૧૮૦૦૨૩૩૧૦૩૧ શરૂ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મત વિભાગની બેઠકો પર મુકત વાતાવરણ તથા નિર્ભય રીતે ચૂંટણી યોજાય અને આદર્શ આચારસંહિતાનો અમલ થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું છે. તે ઉપરાંત ચૂંટણી -ક્રિયા દરમ્યાન મતદારોને રોકડ, દારુ, ભેટ કે વિના મૂલ્યે ભોજન આપવાની લાંચ કોઈ વ્યકિત ન આપે તેની દેખરેખ રાખવા ફલાઈંગ સ્કવોડ અને સર્વેલન્સ ટીમોની રચના કરવામાં આવી છે.

આવી ઘટનાઓ અંગે જાણ કરવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૧૦૩૧ શરૂ કરવામાં આવ્યો છે. જાહેર જનતાને આવી -વૃતિની જાણ આ ટોલ ફ્રી નંબર પર ઉપર કરવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### એનડીએ શાસને ૨૬૦૦૦ કરોડ આપ્યા

## ગુજરાતના વિકાસ માટે કોણે કેટલા નાણા આપ્યા

વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે ગુજરાતના વિકાસ માટે કોણે કેટલા નાણાં ફાળવ્યા છે તેને લઈને પણ આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર શરૂ થઈ ગયો છે. કોંગ્રેસે આ સંબધમાં એકબાજુ આંકડા જારી કરીને વિકાસ માટે વધુ નાણાં આપ્યા હોવાનો દાવો કર્યો છે બીજીબાજુ ભાજપે આના માટે બીજી દલીલો રજુ કરી છે. ભાજપના નેતાઓનું કહેવું છે કે યુપીએ દ્વારા ગુજરાતની હંમેશા અવગણના થઈ રહી છે. એકબાજુ એનડીએ શાસને ગુજરાતને ૨૬ હજાર કરોડ આપ્યા જ્યારે યુપીએ શાસને ગુજરાતને ૬૦ કરોડ આપ્યા છે. કોણે કેટલા નાણાં આપ્યા તેની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

| વિભાગ | એનડીએ | યુપીએ |
|---|---|---|
| | (૧૯૯૯-૨૦૦૦) | (૨૦૦૪-૨૦૦૯) |
| કૃષિ અને સહકાર | ૨૮૦.૪૪ | ૧૫૧૪.૫૩ |
| શિક્ષણ | ૫૦૬.૮૩ | ૧૭૧૫.૦૫ |
| નાગરિક પુરવઠો(અનાજમાં સબસિડી) | ૮૬૪.૧૫ | ૩૪૬૨.૧૭ |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ | ૮૬૪.૧૫ | ૪૦૦.૫૫ |
| ગૃહ | ૨૫૪.૨૮ | ૪૦૦.૫૫ |
| કાયદો અને ન્યાય | ૨૭.૧૧ | ૫૫.૭૩ |
| નર્મદા અને જળસંપત્તિ | ૧૬૪.૨૯ | ૨૧૮૧.૭૧ |
| ગ્રામ વિકાસ | ૨૦૨૪.૬૮ | ૩૬૨૮.૨૨ |
| વિજ્ઞાન અને પ્રદ્યોગિકી | ૩.૭૩ | ૧૩૩.૩૨ |
| સામાજિક ન્યાય અને સશક્તિકરણ | ૧૪૯૪.૬૦ | ૨૫૯૪.૦૨ |
| જેએનઓયુએમ | ૩૮.૫૭ | ૧૩૭૨.૨૨ |
| શહેરી ગરીબો માટે પ્રાથમિક સુવિધા | ૦૦ | ૯૭૨.૪૩ |
| મહિલા અને બાળકલ્યાણ | ૨૮૧.૧૦ | ૬૪૦.૪૨ |
| કેન્દ્રિય કરવેરામાં રાજ્યને મળેલો હિસ્સો | ૯૪૫૯.૦૪ | ૧૯૯૭૯.૮૬ |
| અન્ય વિભાગો સહિત | ૨૬,૦૦૦ | ૬૦,૦૦૦ |
| ગુજરાતને કુલ ફાળવણી | | |

વચનભંગમાં નંબર વનઃ ભાજપ

ભાજપે ૨૦૦૨ના વચનો પાળ્યા નથીઃ

- ૩૩ લાખ ગરીબ પરિવારોને રોજગારી.
- આદિત્ય નારાયણ ઉર્જા પેકેજ હેઠળ દર વર્ષે ૧૦૦૦ મેગાવોટ (પાંચ વર્ષમાં ૫૦૦૦ મે.વો.) વીજઉત્પાદન ક્ષમતા વધારીશું.
- નર્મદા યોજનાની કેનાલો સહિત સંપૂર્ણ કામ સમયબદ્ધ રીતે પૂર્ણ કરીશું. (આજે પણ ૫૪,૭૪૧ કી.મી.ની નહેરોનું નેટવર્ક કામ બાકી છે.)
- દક્ષિણ ગુજરાતને બ્રાઝીલ બનાવીશું.
- ખેતી માટે ૧૪ કલાક વીજળી
- ખંભાતના અખાતને મીઠા પાણીનું 'કલ્પસર' બનાવીશું.

૨૦૦૭ના આ વચનો પણ પાળ્યા નથીઃ

- તમામ ઘરવિહોણા કુટુંબોને 'ઘરનું ઘર'(સેન્સસના આંકડા મુજબ ૧૫.૬૦ લાખ પરિવારો આજે પણ ઘરવિહોણા છે.)
- તમામ ઘરોમાં નળ દ્વારા શુદ્ધ પાણી (આજે પણ ૭૩ લાખ પરિવારોને પીવાનું શુદ્ધ પાણી નળ દ્વારા મળતું નથી.)
- ગુજરાતના દરેક ઘરને વીજ જોડાણ (ગુજરાતમાં ૧૧ લાખ ઘરમાં વીજજોડાણ નથી)
- સુરક્ષિત, સલામત ગુજરાત (ચોરી, લૂંટફાટ, બળાત્કાર અપહરણ રહિત ગુજરાતમાં એક વર્ષમાં ત્રણ લાખ જેટલા ગુના બન્યા)
- ગરીબીમુક્ત ગુજરાત (તેંડુલકર કમિટી મુજબ ગુજરાતમાં ૩૫ ટકા લોકો ગરીબ છે)
- ખેડૂતોને સિંચાઈના પાણીના દરોમાં મોટી રાહત અપાશે. (મોદી સરકારના શાસનમાં પિયતના ભાવમાં ૩૦૦ થી ૪૦૦ ટકા વધારો કર્યો છે.)
- તમામ પેન્ડીંગ ખેતી વિષયક વીજકનેકશનને ત્રણ વર્ષમાં કનેકશન અપાશે.
- ૨૦૧૦ સુધીમાં નર્મદા યોજના કેનાલો સહિત સંપૂર્ણ પૂરી કરાશે.

જેણે ભૂતકાળના સંકલ્પપત્રોના વચનો પાળ્યા નથી એવા

ભાજપનો વિશ્વાસ કરાય ખરો?

ભાજપનો ઉઘાડો પડયો છે દંભ
આ છે હવે અંતનો આરંભ

પ્રકાશક : વિકાસ પરિષદ ગુજરાત